# ગાંધીનગર માટે અડવાણીને મનાવવા ભારે પ્રયાસ



ગાંધીનગર, તા. ૧૯ નવી દિલ્હી ખાતે ભાજપ ચૂંટણી સમિતિએ આજે મળેલ બેઠકમાં ગાંધીનગરની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડવા માટે આદેશ આપ્યો છે. મોડી રાત સુધી શ્રી અડવાણીને આ બેઠક પરથી જ ચૂંટણી લડવા માટે મનાવવાના પ્રયાસો ચાલુ છે.

ચૂંટણી સમિતિએ આજે રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાતની ૨૬ બેઠકો પૈકી ૨૧ બેઠકો પરના નામ જાહેર કર્યા છે. જેમાં ગાંધીનગરની બેઠક પર ભાજપના વરિષ્ટ નેતા અને વર્તમાન સાંસદશ્રી લાલકૃષ્ણ અડવાણીનું નામ જાહેર કરાયું છે.

મળતી વિગતો પ્રમાણે શ્રી અડવાણીને મનાવવા માટે સુષ્મા સ્વરાજ અને વૈંક્યા નાયડુ તેમના નિવાસસ્થાને ચૂંટણી સમિતિની બેઠક બાદ મળવા ગયા છે. મળતા નિર્દેશો પ્રમાણે ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવા માટે શ્રી અડવાણી માની ગયા છે. સંઘના નેતાઓએ પણ શ્રી અડવાણીને ગાંધીનગરથી જ ચૂંટણી લડવા માટે દબાણ કર્યુ છે.

શ્રી અડવાણી ૧૯૯૧ થી ગાંધીનગરની બેઠક પરથી સંસદમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેઓ આ બેઠક પરથી પાંચવાર ચૂંટણી લડી દિલ્હી પહોંચ્યા છે.

ગઈકાલે રાત્રે મધ્યપ્રદેશ ચૂંટણી સમિતિ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે ભોપાલની બેઠક પરથી ચૂંટણી લડવા

### ભાજપ પાલમિન્ટરી બોર્ડે સર્વાનુમતે અડવાણીને ગાંધીનગરથી ચૂંટણી લડવા નિર્ણય કર્યો : સુષ્મા સ્વરાજ અને વૈંક્યા નાયડુને અડવાણીજીને સમજાવવાની જવાબદારી સોંપાઈ : મોડીરાત સુધી અડવાણીનો કોઈ પ્રતિભાવ મળ્યો નથી

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮ | ૨૦ માર્ચ, ૨૦૧૪, ગુરૂવાર; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ભગવાન જગતગુરૂ હોવા છતાં પણ મનુષ્યને કદી ચેલો બનાવતા નથી, પરંતુ મિત્ર જ બનાવે છે

**- સુરેશ દલાલ**

## NEWS બિરસ

**● આમીરખાન ચૂંટણી પંચનો ચહેરો બનશે**

લોકસભાની આગામી



ચૂંટણીમાં વધુ ને વધુ મતદાન થાય તે માટે જાગૃતિ ઝુંબેશ છેડવા પંચે ફિલ્મ અને ખેલજગતના સેલીબ્રિટીઓનો ઉપયોગ કરવા તૈયારી કરી લીધી છે. પંચના રાષ્ટ્રીય બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાણીતા ફિલ્મ સ્ટાર આમીરખાનને કરારબદ્ધ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આમીરખાન હવે ચૂંટણીપંચનો ચહેરો બની વધુ ને વધુ મતદાન કરવા માટે અપીલ કરશે.

**● મનિષ તિવારી હવે ચૂંટણી લડશે**


પોતાના નિવેદનોના કારણે કાયમ વિવાદમાં જ રહેતા



કોંગ્રેસના દિગ્ગજ નેતા અને કેન્દ્રિય મંત્રી મનીષ તિવારીએ અગાઉ એવી જાહેરાત કરી હતી કે નાદુરસ્ત તબીયતના કારણે તેઓ ચૂંટણીજંગમાં ઝંપલાવશે નહી. જો કે હવે તેમની તબીયત સારી રહેતા અને હાઈકમાન્ડના આદેશના પગલે તેઓએ પોતાનો નિર્ણય બદલ્યો છે. તેઓ હવે ચૂંટણીજંગમાં ઝંપલાવશે.

**● બેંકોમાં પાંચ દિવસનું સપ્તાહ રાખવા માંગ**

રાષ્ટ્રીયકૃત બેંકોના પ્રશ્નો



બાબતે વિવિધ બેંકોના યુનિયનો સક્રિય બન્યા છે. બેંક યુનિયનોએ તાજેતરમાં જ માંગણી કરી છે કે એનર્જી સેવિંગના ભાગરૂપે બેંકોમાં પાંચ દિવસનું અઠવાડિયું રાખવામાં આવે. જ્યારે કામકાજના દિવસોમાં સમયગાળો વધારવામાં આવે. આ માંગણી અંગે સત્તાવાળાઓ વિચારી રહ્યા છે.

**● અરૂણ જેટલી સામે અમરિંદરસિંહ**

ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને રાજ્યસભામાં



વિપક્ષી નેતા અરૂણ જેટલી અમૃતસર બેઠક પરથી લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવી રહ્યા છે. તેમને ટક્કર આપવા માટે કોંગ્રેસે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહને ટીકીટ આપી છે.

# નરેન્દ્ર મોદી વડોદરાથી પણ લડશે

### સંસ્કાર નગરીનાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ : ઉમેદવારોમાં પાંચ ધારાભ્યોની પસંદગી કરાઈ : બે મંત્રીઓને પણ ટિકિટ અપાઈ : પાંચ સાંસદોને પુન: ટિકિટ અપાઈ



ગાંધીનગર, તા. ૧૯ ભારતીય જનતા પક્ષે આજે વારાણસી બાદ વડોદરાની બેઠક માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પસંદગી કરી છે.

૧૯૯૧ થી ભાજપ પાસે રહેલી આ વડોદરાની બેઠક પરના વર્તમાન સાંસદ શ્રી બાલુ શુકલને ટિકિટ અપાઈ નથી. ૧૯૯૧માં ભાજપના દિપીકા ટોપીવાલાએ આ બેઠક પર વિજય મેળવી અને આ બેઠક પર ભાજપનું વર્ચસ્વ આજ સુધી રહ્યું છે.

રાજ્યના મુખ્યમંત્રી અને ભાજપના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીની આજે થયેલ પસંદગીને વડોદરા ભાજપના કાર્યકરોએ ગુલાલ ઉડાડી અને આતશબાજી કરી વધાવી લીધી છે. વડોદરાની બેઠક પર શ્રી મોદીની પસંદગીને લઈ આજે વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં પોસ્ટરો પણ લગાવી દેવામાં આવ્યા છે.

ભારતીય જનતા પક્ષની ચૂંટણી સમિતિએ આજે રાજ્યની ૨૬ બેઠકો પૈકી ૨૧ બેઠકો પરના ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

આજે જાહેર કરેલા બેઠકોમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ રાણાની ટિકિટ કાપી નાંખવામાં આવી છે. જ્યારે બારડોલીની બેઠક પર કોંગી છોડીને આવેલા પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રભુ વસાવાને ટિકિટ આપી છે.

ભાજપની આજની યાદીમાં બે રાજ્યમંત્રીઓ સહિત પાંચ ધારાસભ્યોને ટિકિટ ફાળવવામાં આવી છે. જેમાં આણંદમાં શ્રી દિલીપભાઈ પટેલ, પાટણમાં શ્રી લીલાધર વાઘેલા, દાહોદમાં શ્રી જસવંતસિંહ ભાભોર, ભાવનગરની બેઠક પર ભારતીબેન શિયાળ અને રાજકોટની બેઠક પર શ્રી મોહનભાઈ કુંડારિયાનો સમાવેશ થાય છે.

આજની યાદીમાં સુરત, નવસારી, પોરબંદર, અમદાવાદ (પશ્ચિમ), બનાસકાંઠા બેઠક પરના વર્તમાન સાંસદોની પુનઃ પસંદગી કરવામાં આવી છે. ખેડાની બેઠક પર શ્રી દેવુભાઈ ચૌહાણ પસંદગી કરવામાં આવી છે જેઓ છેલ્લી ચૂંટણીમાં શ્રી દિનશા પટેલ સામે ૮૪૬ મતે પરાજય પામ્યા હતા.

## ૨૧ ઉમેદવારોની સત્તાવાર જાહેરાત

| બેઠકનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| કચ્છ (એસ.સી.) | શ્રી વિનોદ ચાવડા |
| બનાસકાંઠા | શ્રી હરિભાઈ ચૌધરી |
| પાટણ | શ્રી લીલાધર વાઘેલા |
| મહેસાણા | શ્રીમતી જયશ્રીબેન પટેલ |
| સાબરકાંઠા | - |
| ગાંધીનગર | શ્રી લાલકૃષ્ણ અડવાણી |
| અમદાવાદ (પ) | શ્રી કીરીટ સોલંકી |
| અમદાવાદ (પૂર્વ) | - |
| સુરેન્દ્રનગર | શ્રી દેવજીભાઈ ફતેપુરા |
| રાજકોટ | શ્રી મોહનભાઈ કુંડારિયા |
| પોરબંદર | શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયા |
| જામનગર | પૂનમબેન માડમ |
| જુનાગઢ | - |
| અમરેલી | શ્રી નારણભાઈ કાછડિયા |
| ભાવનગર | ભારતીબેન શિયાળ |
| આણંદ | દિલીપભાઈ મણીભાઈ પટેલ |
| ખેડા | - |
| પંચમહાલ | - |
| દાહોદ (એસ.ટી.) | શ્રી જસવંતસિંહ ભાભોર |
| વડોદરા | શ્રી નરેન્દ્ર મોદી |
| છોટાઉદેપુર (એસ.ટી.) | શ્રી રામસિંહ રાઠવા |
| ભરૂચ | શ્રી મનસુખ વસાવા |
| બારડોલી (એસ.ટી.) | શ્રી પ્રભુભાઈ વસાવા |
| સુરત | દર્શનાબેન જરદોસ |
| નવસારી | સી.આર. પાટીલ |
| વલસાડ (એસ.ટી.) | ડો. કે.સી. પટેલ |

# રાજ્યમાં આચારસંહિતા ભંગની ૫૭ ફરિયાદો

### ૩૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો : ૨૨ ફરિયાદો જિલ્લા ચૂંટણી અધિકારીને મોકલી અપાઈ  કુલ ચાર કેસમાં પોલીસ ફરિયાદ નોંધાઈ : પંચની નજર

ગાંધીનગર, તા.૧૯ લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આચારસંહિતા પણ અમલી બની ચુકી છે. આચારસંહિતા ભંગની રાજ્યભરમાંથી કુલ ૫૭ ફરિયાદો મળી છે. કેટલાક કેસમાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે. ચૂંટણી પંચની આચારસંહિતા ભંગ મામલામાં બાજ નજર છે. મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલે જણાવ્યું છે કે, ભારતના ચૂંટણી પંચે લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની તા. ૫મી માર્ચ ૨૦૧૪થી જાહેરાત કરી તે દિવસથી ગુજરાત સહિત સમગ્ર ભારતમાં આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ શરૂ થયો છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં આદર્શ આચારસંહિતાના અસરકારક અમલ માટે કડક પગલા ભરવામાં આવી રહ્યા છે. તા. ૧૮ માર્ચ ૨૦૧૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગની મળેલી ફરિયાદો વિશે વિગતો આપતાં કરવલે કહ્યું કે અત્યાર સુધીમાં કુલ ૫૭ ફરિયાદો મળી છે. આ પૈકી ૩૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને ચાર ફરિયાદો બારતના ચૂંટણી પંચને યોગ્ય માર્ગદર્શન અને નિકાલ અર્થે મોકલી આપવામાં આવી છે, જે

● અનુસંધાન પાન-૭ પર

# રાજકીય કિન્નાખોરી દૂર નહિ થાય તો શાહી નાંખી વિરોધ કરીશ : બિહોલા

### સ્ટેન્ડીંગ કમિટીની સમીક્ષા બેઠકમાં સભ્યોની તડાપીટ વચ્ચે એજન્ડા પરની ચર્ચા મુલ્તવી રહી

ગાંધીનગર, તા. ૧૯ જો મને મેં સૂચવેલા વિકાસકામો અંગે સંતોષકારક પ્રત્યુત્તર નહિ મળે તો કમિશનરશ્રી પર શાહી નાખવાની ફરજ પડશે તેવા ઉચ્ચારણો શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કરતાં બેઠકમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં આજે મળેલી બેઠકમાં એક પણ એજન્ડા મંજૂર થયો ન હતો અને ચૂંટાયેલા સભ્યોએ તંત્ર પર ભારે તડાપીટ બોલાવતાં ઉત્તેજનાપૂર્ણ વાતાવરણમાં આ બેઠક સંપન્ન થઈ હતી.

આજની બેઠકમાં સભ્યોના કામો તંત્ર દ્વારા ખોરવવામાં આવી રહ્યાના આક્ષેપો ભાજપના સભ્યો તરફથી પણ થયા હતા. એક તબક્કે તો ભાજપના જ એક સભ્યએ કમિશનરશ્રીને નિવૃત્તિનો સમય નજીક આવી રહ્યો હોય તો પ્રસ્તાવ કરી પરત મોકલો.

આ બેઠકમાં સ્વચ્છતાના મુદ્દે કોંગી કાઉન્સીલરો શૈલેન્દ્રસિંહ બિહોલા અને મીનાબા વાઘેલાએ સારી એવી તડાપીટ બોલાવી હતી.

તંત્ર દ્વારા ઓનલાઈન ફરિયાદ નોંધણીની વિગતો રજુ કરી સભ્યોને શાંત પાડવાનો પ્રયાસ થયો હતો. તંત્રના દાવા મુજબ અત્યાર સુધીમાં ૨૧૫ જેટલી ફરિયાદો મળી છે જેમાં ૯ ફરિયાદોના નિકાલની કામગીરી બાકી છે. જો કે શ્રીમતી મીનાબા વાઘેલાએ જણાવ્યું હતુ કે આ વ્યવસ્થાપનના પ્રારંભથી તેમની ફરિયાદ પડતર છે.

આચારસંહિતાના નામે તેમની સામે રાજકીય કિન્નાખોરી દાખવવામાં આવી રહી હોવાનો આક્ષેપ શૈલેન્દ્રસિંહ બિહોલાએ કરી જણાવ્યું હતું કે ડે. મેયરના બાંકડા ઉતરી શકે અને અમારી લોકોને સ્પર્શતી સેવા જેવા મુદ્દાઓને તંત્ર ખોરવવાની વાત કરે

● અનુસંધાન પાન-૭ પર

# કાયદો-વ્યવસ્થા જાળવવા ૯૮૭ વ્યક્તીઓ પાસેથી બોન્ડ લેવામાં આવ્યા

### ૪૭૦ વ્યક્તીઓએ તેમના હથિયાર તંત્ર પાસે જમા કરાવી દીધા છે

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. સીઆરપીસીની જુદી જુદી કલમો હેઠળ બોન્ડ ૯૮૭ વ્યક્તીઓના લેવામાં આવ્યા છે.

પોલીસ તંત્ર દ્વારા બિન જામીન પાત્ર વોરંટ પણ ૬૩૫ વ્યક્તીઓને અત્યાર સુધીમાં બજાવી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે હથિયારોના પરવાના ધરાવતા ૪૭૦ વ્યક્તીઓએ તેમના હથિયાર તંત્ર રાસે આજ સુધીમાં જમા કરાવી દીધા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે પંચ દ્વારા નીમાતા નિરીક્ષક ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે ગાંધીનગર આવી પહોંચશે. જ્યારે ખર્ચ માટેના નિરીક્ષક ૩જી એપ્રિલની આસપાસ આવી પહોંચશે.

તંત્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે. તંત્ર દ્વારા હાલ ફલાઈંગ સ્કવોડ કાર્યરત કરી દેવામાં આવી છે જ્યારે ૨જી એપ્રિલથી સ્ટેટીક સર્વેલન્સની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવશે.

જિલ્લામાં બનાવાયેલી જુદી જુદી ટીમો દ્વારા ચૂંટણીને લગતી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની એક ફરિયાદ મળી હતી જેનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. તંત્રએ અત્યાર સુધીમાં ૧૪ જેટલા જુદા જુદા જાહેરનામાઓ પણ ચૂંટણીને લઈ જારી કરી દીધા છે.

જિલ્લાઓમાં ચાલી રહેલી કામગીરીની આજે મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલે સમીક્ષા પણ કરી હતી.




જોઈએ છે
• LED TV • LCD TV
• Colour TV
જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬